# પ્રાંતિજ ખાતે સ્વામિનારાયણ મંદિરનો ૧૩૬મો પાટોત્સવની દબદબાભેર ઉજવણી



પ્રાંતિજ તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ સ્વામિનારાયણ નો ૧૩૬ મા પાટોત્સવ ની ઉજવણી જેઠ સુદ બીજ ને રવિવાર ના રોજ ધામધુમથી કરવામા આવી હતી. નરનારાયણ દેવની પૂર્ણ કૃપાથી ગાદી પીઠાધિપતિ પરમપૂજય મહારાજ કૌશેલેન્દ્ર પ્રસાદજી ની શુભ આશિર્વાદત્મક આજ્ઞાથી તથા ભાવી આચાર્ય ૧૦૮ વજેન્દ્ર પ્રસાદજી મહારાજ તથા સમગ્ર ધર્મકૂળ ના પૂર્ણ રાજીપાથી શ્રીહરિ ના પાવન ચરણકમળથી પવિત્ર ધરા ઉપર નિર્મિત સ્વામિનારાયણ મંદિર પ્રાંતિજ મા બીરાજમાન દેવો ધર્મભકિત-હરિકૃષ્ણ મહારાજ , રાધાકૃષ્ણ દેવ તથા ધનશ્યામ મહારાજ ના ૧૩૬ મા પાટોત્સવ અંતર્ગત દૂર દૂર થી સંતો-મહંતો તેમજ હરિભકતો ઉપસ્થિત રહ્યા હતા મંદિર ના મહંત સ્વામી પ્રાણજીવનદાસજી ના માર્ગદર્શન તેમજ આયોજન તેમજ સર્વે હરિભકતોના સાથ અને સહકાર થી પાટોત્સવ ની ઉજવણી ખુબજ ધામધૂમ થી કરવામા આવી હતી પાટોત્સવ ની ઉજવણી અંતર્ગત સવારે નિયત સમયે મંગળાઆરતી , ઠાકોરજીનુ અભિષેક પૂજન , અભિષેક ,મહાપૂજા , શણગાર તથા અન્નકુટ આરતી , તેમજ સત્સંગ સભાનુ સુંદર આયોજન કરવામા આવ્યુ હતો અને સંતો મહંતોએ આ પાવન પ્રસંગે હરિભકતોને આશીર્વાદ પાઠવીને તેમના કલ્યાણ માટે શુભકામનાઓ પાઠવી હતી.

# જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન હેઠળ તળાવ ઉંડાં થતાં ૨૦૦૦ લાખ ઘન ફૂટ વધારાના પાણીનો સંગ્રહ થશે



બાયડ, તા.૨૧

સુજલામ સુફલામ જળ અભિયાન હેઠળ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ૮ તાલુકામાં ૬૦ થી વધુ તળાવો ઉંડા કરવાની કામગીરી ચાલી રહી છે. તળાવો ઉંડાં થતાં અંદાજીત ૨૦૦૦ લાખ ઘન ફૂટ પાણીનો ચોમાસા દરમ્યાન સંગ્રહ થશે જેના કારણે આસપાસના બોરા રીચાર્જ થવાની સાથે જળસ્ત્રોત ઉંચા આવી શકે છે. પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્ય સરકાર દ્વારા પાછલા ૫ વર્ષથી સુજલામ સુફલામ યોજના હેઠળ તળાવો ઉંડા કરવાની કામગીરી કરવામાં આવે છે જેથી ચોમાસા દરમ્યાન નકામા વહી જતા પાણીનો તળાવમાં સંગ્રહ થાય. આગામી તા.૩૧ મે. સુધી અમલમાં મૂકાયેલી આ યોજનામાં અત્યાર સુધીમાં હિંમતનગર, તલોદ, પ્રાંતિજ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર, ધનસુરા, બાયડ, મોડાસા, માલપુર, મેઘરજ, ભિલોડા તાલુકાના ૬૦ થી વધુ તળાવોનો સમાવેશ કરીને તળાવની માટી ખેડૂતના ખેતરમાં નાખવા માટે મંજૂરી આપવામાં આવી છે પરંતુ કેટલાક વિસ્તારોમાં તેનો ધંધાદારી ઉપયોગ થતાં ફરિયાદ પછી કેટલાક કોન્ટ્રાકટરો અને એજન્સીઓને લાખો રુપિયાનો દંડ ફટકારવામાં આવી રહ્યો છે. ચોમાસા દરમ્યાન તળાવમાં પાણીની સંગ્રહ શક્તિ વધવાની સાથે સૂજલામ સૂફલામ યોજના હેઠળ તળાવોની માટી બિલ્ડરોએ ખરીદેલી જમીનમાં પુરણ માટે ઠલવાતી હોવાના આક્ષેપ પણ જગજાહેર છે. જો કે તપાસના નામે માત્ર નૌટંકી થઈ રહી છે પરંતુ એક સત્ય હકીકત એ છે કે તળાવો જરુર ઉંડાં થઈ રહ્યાં છે. સાબરકાંઠામાં ૧૪૦૦ થી વધારે જળસંચયના કામો હાથ ધરાયા છે અને તેમાં ૮૦૦ લાખ ઘનટથી વધુ પાણીનો સંગ્રહ થવાનો છે. જ્યારે સાબરકાંઠામાં જળસંચયના ૪૦૯ કામો આથ ધરાયા છે જેમાં તળાવો ઉંડા કરવા, ચેકડેમ ડી-સિલ્ટીંગ, નહેરોની સફાઈ સહિતના કામો આવરી લેવાયા છે. જેના કારણે સાબરકાંઠામાં ૧૨૦૦ લાખ ઘનફૂટથી વધુ પાણીનો ચોમાસા દરમ્યાન સંગ્રહ થઈ શકે છે. જિલ્લાના કેટલાક ગામડાઓમાં જાગૃત સરપંચો અને ગ્રામજનોના કારણે તળાવો ઉંડા કરવાની કામગીરીની નોંધ લેવાઈ છે અને આગામી ચોમાસામાં આવા ગામો અને ખેડૂતોને તેનો મહત્તમ લાભ મળી શકે છે.

### સાબરકાંઠામાં ૩ લાખ ઘનમીટર માટીનું ખોદકામ થયું

સાબરકાંઠા જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન-૨૦૨૩ અંતર્ગત ૩,૦૯,૦૬૭. ૬૫ ઘન મીટર માટીનું ખોદકામ થયું છે. જિલ્લામાં જળ સંપત્તિ રાજ્ય, જળ સંપત્તિ પંચાયત, ગ્રામ વિકાસ, વન અને પર્યાવરણ, વોટર શેડ હેઠળ ૨૦ કામ આયોજન હેઠળ લેવામાં આવ્યાં હતાં તેમાંથી ૩૫૧ કામમાં પ્રગતિ થઈ છે અને ૪૧ કામ પૂર્ણ થયાં છે. કોઈને કોઈ કારણોસર ૨૧૧ કામ રદ કરવામાં આવ્યાં છે. જ્યારે ૧૭ કામ હજુ પણ શરુ થઈ શક્યા નથી.

# ધાનેરા ખાતે અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિની રચના કરાઈ

ધાનેરા, તા. ૨૧

સમગ્ર દેશમાં પત્રકાર સુરક્ષા કાનુન લાગુ કરવામાં આવે તેવા ઉદ્દેશથી સ્થાપિત સંગઠન અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિની ધાનેરા ખાતે શિવ ડાઈનિંગ હોલમાં ધાનેરા તાલુકાના તમામ પત્રકારોની મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું, આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી પરમાર નો અહેવાલ જણાવે છે કે જેમાં અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ રાષ્ટ્રીય અધ્યક્ષ જીગ્નેશ કાલાવાડિયાના બેનર નીચે ગુજરાત પ્રભારી બાબુભાઈ ચૌધરી ગુજરાત મહામંત્રી રેણુભા વાઘેલા તથા ગુજરાત મંત્રી રામજીભાઈ રાજગોરે ઉપસ્થિત રહી ધાનેરા તાલુકાના તમામ પત્રકારોને માર્ગદર્શન આપ્યું હતું પત્રકારો પર થતા હુમલા તેમજ ખોટી રીતે હેરાન કરવાના બનાવો દિવસે વધી રહ્યા છે તેને ધ્યાનમાં લઈ સમિતિ દ્વારા પત્રકાર સુરક્ષા કાનૂન યોજના લાગુ થાય તે બાબતનુ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે આ સમિતિ દ્વારા ગુજરાતના ૨૦ રાજ્યમાં કામગીરી ચાલી રહી છે આજ દિન સુધી ૨૫૦૦૦ જેટલા પત્રકારો સદસ્ય બની ચૂક્યા છે અત્યારે ત્રણ રાજ્યમાં આની કામગીરી ચાલુ થઈ રહી છે જેમાં છત્તીસગઢ ઝારખંડ અને મહારાષ્ટ્રમાં સુરક્ષા કાનૂન લાગુ કરવામાં આવે તેવી સરકાર સાથે પણ વાતચીત કરવામાં આવી છે ધાનેરા તાલુકાના તમામ પત્રકારો તંત્રીઓ તેમજ



ચેનલના રિપોર્ટરો અને માલિકો હાજર રહ્યા હતા અને ધાનેરામાં અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિની રચના કરવામાં આવી હતી જેમાં ધાનેરા તાલુકાના પત્રકાર સમિતિના નવિન પ્રમુખ તરીકે રાજનભાઈ ચૌધરી અને મંત્રી તરીકે ધીરજભાઈ પરમારની સર્વાનુમતે નિમણૂક કરવામાં આવી હતી કાર્યક્રમના અંતે સર્વે પત્રકાર મિત્રોએ સાથે ભોજન લીધું હતું

# ૨૦૦૦ની નોટ મુશ્કેલી સર્જી રહી છે : મોડાસામાં ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સ.બેંકનો તખઘલી નિર્ણય, બે હજારની નોટ નહીં લેવાય

**બેંકમાં બે હજારની નોટ આજે નહીં લેવાય સોમવારે અવાજો કહેતા ગ્રાહક ચોંકી ઉઠ્યો, અનેક ગ્રાહકો હેરાનગતિમાં મુકાયા : RBIના નિયમોને ઘોળીને પી ગયા, ગ્રાહકોને બે હજારની નોટ સોમવારે લઈને આવવા કહ્યું**

મોડાસા, તા. ૨૧

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ શુક્રવારે સાંજે ૨૦૦૦ની નોટને સર્કયુલેશનમાંથી પાછી ખેંચી લીધી છે રિઝર્વ બેંકે તમામ બેંકોને ૨૩મે થી ૩૦ સપ્ટેમ્બર સુધી બે હજારની નોટ બદલી આપવા સૂચના આપી છે અને મહત્તમ બે હજારની ૧૦ નોટ જ ગ્રાહક બદલી શકાશેનો નિર્ણય જાહેર કર્યો છે બે હજારની આંશિક નોટબંધી જેવા નિર્ણયથી લોકોને હાલાકીનો સામનો કરવો પડી શકે છે અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં આવેલી ધી.સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક.લી. માં એક ગ્રાહક પાસેથી બે હજાર રૂપિયાની નોટ સ્વીકારવાનો નનૈયો ભણતા ગ્રાહક ચોકી ઉઠ્યો હતો અને બેંક મેનેજરને રજુઆત કરતા હેડ ઓફિસથી આદેશ






હોવાનું કહીં બચાવ કર્યો હતો અને સોમવારે બે હજારની નોટ સ્વીકારવામાં આવશે તેવું ગ્રાહકને જણાવ્યું હતું. ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક.લી. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના ખેડૂત, પશુપાલકો અને વેપારીઓ માટે નાણાંકીય લેવડ-દેવડ માટે જીવાદોરી સમાન છે મોડાસા શહેરના ચાર રસ્તા પર આવેલી ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક.લી. શાખામાં અમુલ પાર્લર ધરાવતા જગદીશભાઈ એમ.પટેલને સાબરડેરીમાં દૂધનું ૬૬ હજાર રૂપિયા પેયમેન્ટ ભરવાનું હોવાથી તેમના કર્મીને ૬૬ હજાર રૂપિયા શનિવારે બેંકમાં ભરવા મોકલ્યો હતો જેમાં એક ૨૦૦૦ની નોટ હોવાથી બેંકના કેશિયરે બે હજારની નોટ આજે નહીં લેવામાં આવે સોમવારે લેવામાં આવશેનું જણાવતા જગદીશ ભાઈ સમસમી ઉઠ્યા હતા અને અનેક ગ્રાહકો ૨૦૦૦ની નોટ સાથે પેયમેન્ટ ભરવા આવતા તેમની સ્લીપ પણ ખોટી પડી હોવાનો આક્ષેપ કર્યો હતો. જગદીશભાઈ પટેલે આ અંગે બેંક મેનેજરને વાત કરતા તેમને હેડ ઓફિસથી સૂચના હોવાથી શનિવારે બે હજારની નોટ બેંક દ્વારા નહીં સ્વીકારવામાં આવશે સોમવાર થી બે હજારની નોટ લેવામાં આવેશે કહેતા બેંકમાં તઘખલી નિર્ણય સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો

# રાજીવ ગાંધીની પુણ્યતિથિ નિમિત્તે મોડાસા ચાર રસ્તા પર રાહદારીઓને છાસ વિતરણ



મોડાસા, તા. ૨૧

અરવલ્લી જીલ્લા અને મોડાસા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા પૂર્વ વડાપ્રધાન સ્વ.રાજીવગાંધી ની પુણ્યતિથિ નિમિત્તે સ્વ.રાજીવ ગાંધીની તસ્વીરને પુષ્પાંજલિ અર્પણ કરી મોડાસા શહેરના હાર્દસમા ચાર રસ્તા ટાઉનહોલ ખાતે રાહદારીઓને ઠંડી છાસનું વિતરણ કર્યું હતું કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકર્તાઓમાં કર્ણાટકની ભવ્ય જીતએ આત્મવિશ્વાસ ઉભો કર્યો હોવાનું છાસ વિતરણ કાર્યક્રમમાં સ્પષ્ટ પણે દેખાઈ રહ્યું હતું કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સ્વ.રાજીવગાંધીએ વડાપ્રધાન તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન અનેક વિધ યોજનાઓ અને દેશમાં ડિજિટલ ક્રાંતિનો પાયો નાખ્યો હતો ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, કોમ્પ્યુટર ક્રાંતિ અને ટેલિફોન ક્ષેત્રે દેશની પ્રગતિએ સ્વ.રાજીવ ગાંધી ૨૧ સદીના સ્વપ્રદ્રસ્ટા હતા મોડાસા શહેરના હાર્દસમા ચાર રસ્તા પર સ્વ.રાજીવ ગાંધીની પુણ્યતિથિ નિમિત્તે રાહદારીઓને ગરમીમાં રક્ષણ મળી રહે તેવા ઉમદા હેતુથી ઠંડી છાસનું વિતરણ કરતા મોટી સંખ્યામાં રાહદારીઓએ ઠંડી છાસનો લુપ્ત ઉઠાવ્યો હતો સ્વ.રાજીવ ગાંધીની પુણ્યતિથિએ તેમની તસ્વીરને પુષ્પાંજલિ અર્પણ કરવા મોટી સંખ્યામાં કોંગ્રેસના પદાધિકારીઓ ઉમટ્યા હતા.

# પ્રાંતિજ ખાતે હુસેનમીંયા બાવા ખિદમત કમિટિ દ્વારા મુસ્લિમ સમાજનો સમુહલગ્નનું આયોજન





પ્રાંતિજ તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પહેલીવાર સેવાભાવી કમિટી સભ્યો દ્વારા પ્રાંતિજ ખાતે રહેતા સર્વ મુસ્લિમ સમાજ સમુહ લગ્નનુ આયોજન કરવામા આવ્યુ. પ્રાંતિજ નગરમા વસતા મુસ્લિમ સમાજ ના બિરાદરોએ એક કમિટી બનાવીને પ્રથમ વાર સમુહ લગ્ન સમારોહ નુ સફર આયોજન કર્યુ હતુ આ સમુહ લગ્ન પ્રસંગે આઠ દુલ્હા અને આઠ દુલ્હનોએ લાભ લીધો હતો જેમા પ્રાંતિજ, છાલા ,દહેગામ, હિંમતનગર, ગાંધીનગર, વડાગામ, ઈલોલ અને મોડાસાના યુવક યુવતીઓ આ સમુહ લગ્ન માં લગ્ન બંધનથી જોડાઈ ને ધાર્મિક વિધિ વિધાન અનુસાર નિકાહ પઢી ને લગ્ન જીવન માં પ્રવેશ કર્યો હતો આયોજકોએ આ પ્રથમ સમુહ લગ્નોત્સવ સફળ થાય તે માટે રાત્ર-દિવસ ભારે જહેમત ઉઠાવી ને કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો સમુહ લગ્ન માં જોડાનાર તમામ વરવધુઓને દાતાઓ દ્વારા ઘરવખરી તેમજ રાચરસીલુ દાન પેટે અર્પણ કરવામા આવ્યુ હતુ દાતાઓનુ આ તબ્બકે સન્માન કરવામા આવ્યુ હતુ લગ્ન પ્રસંગ ને શોભાવવા ઈસ્માઈલ ભાઈ પટેલ , ડાૅ શાહીદ એમ સુરતી , વજીર ખાન પઠાણ , યુસુફભાઈ પરમાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા તો મુખ્ય મહેમાન રઈશભાઈ કસ્બાતી ઉપસ્થિત રહ્યા હતા અને તમામ દાતાઓને તેમજ આ શુભ કાર્યમા સહયોગ આપનાર તમામ લોકોને બિરદાવ્યા હતા આમ પ્રાંતિજ ખાતે હુસેનમીંયા બાવા ખિદમત કમીટી દ્વારા ઓયોજીત પ્રથમ સમુહ લગ્નોત્સવ સફળતા પૂર્વક પૂર્ણ થયો હતો.

# ધનસુરા ખાતે નાઈટ શુટિંગ અને ડાયરેક્ટ પાસિંગ વોલીબોલ ટુર્નામેન્ટ ૨૦૨૩ યોજાઇ હતી

ધનસુરા, તા. ૨૧

ધનસુરા ના ઓધવધામ ખાતે પ્રગતિ યુવક મંડળ તેમજ ક.ક.પા ઉમિયા સનાતન સમાજ ધનસુરા પ્રેરિત નાઈટ શૂટિંગ અને ડાયરેક્ટ પાસિંગ ઓજસ ડેન્ટલ ક્લિનિક કપ (અમદાવાદ) વોલીબોલ ટુર્નામેન્ટ ૨૦૨૩ યોજાઈ હતી. જેમાં મેઈન ટ્રોફી ના દાતા ઓજસ ડેન્ટલ ક્લિનિક અમદાવાદ ડૉ. શાન્તિલાલ.એન.છાભૈયા અને ડૉ. અંકિતભાઈ.એસ.છાભૈયા હતા.સાથે કાર્યક્રમ માં સમારંભ ના અધ્યક્ષ ઘનશ્યામભાઈ પોકાર, ઉદઘાટક ડૉ. શાન્તિલાલ.એન.છાભૈયા ઉપપ્રમુખ ક.ક.પા.સ.સમાજ ધનસુરાહતા.અને અતિથિ વિશેષ જગદીશભાઈ વાસાણી પ્રમુખ ક.ક.પા.સ.સમાજ ગુજરાત-ધનસુરા હતા.આ કાર્યક્રમ માં આગેવાનો અશ્વિનભાઈ પોકાર, પરસોત્તમભાઈ ચોપડા, ધનસુરા ના ડેપ્યુટી સરપંચ કાર્તિકભાઈ પટેલ, મનસુખભાઈ ભગત, ભરતભાઈ પટેલ, મહેન્દ્રભાઈ, ઈશ્વરભાઈ લીંબાણી, ભરતભાઈ પોકાર, નંદુંભાઈ, રમેશભાઈ ધોળુ, મનોજભાઈ પટેલ, મોહનભાઈ પોકાર, યોગેશ ભાઈ પટેલ, પ્રગતિ યુવક મંડળ ના



પ્રમુખ રજનીભાઈ છાભૈયા અને મંત્રી સંદીપભાઈ વેલાણી મંડળ ના સભ્યો, કાર્યક્રમ ના સ્પોન્સર શ્રીઓ દાતા ઓ સમાજના અગ્રણી ઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કુલ ૯૨ ટીમોએ ભાગ લીધો હતો.જેમાં નિર્માણ કન્સ્ટ્રકશન ધનસુરા ની ટીમ વિજેતા બની હતી.

# જાયન્ટ્સ મોડાસા યજમાન પદે સેવા તાલીમ શિબિર તેમજ શપથવિધિ કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૨૧

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં સતત સેવાકીય કાર્યોમાં અગ્રેસર રહેતી અને જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશન ઝોન-૧ની ખૂબ જ અગત્યની સેવા સંસ્થા જાયન્ટ્સ મોડાસા ના યજમાન પદે અરવલ્લી સાબરકાંઠા ડિસ્ટ્રિક્ટ ની વિવિધ ગ્રુપોની મોડાસા ખાતે શપથવિધિ તેમજ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ શપથવિધિ ફાઉન્ડેશન વાઈસ ચેરમેન નિલેશભાઈ જોશી દ્વારા પ્રમુખોની શપથ લેવડાવ્યા અન્ય હોદ્દેદારોને ઝોન-૧ના ઉપપ્રમુખ વિઠલભાઈ પટેલ દ્વારા શપથ લેવડાવ્યા હતા ગ્રુપમાં નવા જોડાયેલા સભ્યો તેમજ ગ્રુપના ડાયરેક્ટરોને ડીસ્ટ્રીક ડાયરેક્ટર પ્રવીણભાઈ પરમાર દ્વારા શપથ લેવડાવ્યા હતા શપથવિધિના અંતે મોડાસા ઉમિયા મંદિરના મહંત શ્રી વિષ્ણુપ્રસાદ દ્વારા સર્વેને સેવા કરવા માં ઉમિયા સર્વને પ્રેરણા અને બળ આપે તેવા આર્શીવચન આપ્યા હતા. જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશન ઝોન -૧ ના તજજ્ઞો દ્વારા ગ્રુપમાં કેવી રીતે અને કેવા કેવા સેવા પ્રોગ્રામો કરી શકાય તેની વિસ્તૃત માહિતી મુકેશભાઈ પટેલ દ્વારા આપવામાં આવી હતી ત્યારબાદ પ્રોટોકોલ ઓફિસર ભરતભાઈ ગાંધી દ્વારા ફાઉન્ડેશનના બંધારણ તેમજ મીટીંગ -ગ્રુપ કેવી રીતે સંચાલન કરવું તેની પ્રોટોકોલ વિશે વિસ્તૃત માહિતી આપી.

ઝોન -૧ના સેક્રેટરી સુકેતુ ભાઈ પટેલ દ્વારા ગ્રુપનું સંચાલન-સેવા કાર્યનું રિપોર્ટિંગ કેવી રીતે કરવું તે અંગે વિસ્તારપૂર્વક માહિતી આપી હતી ગ્રુપ એક્સટેન્શન એન્ડ મેમ્બર ગ્રોથના ઝોન ડાયરેક્ટર રાકેશ પટેલ દ્વારા કેવી રીતે નવા મેમ્બર ગ્રુપમાં ઉમેરવા અને કેવી કેવી જગ્યાએ નવું ગ્રુપ ઊભું કરી શકીએ તેના વિશે સુંદર માહિતી આપી કાર્યક્રમના અંતે ધર્મેન્દ્ર ત્રિવેદી દ્વારા આભાર વિધિ કરવામાં આવી.